# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 09-07-2025 Day: Wednesday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈષ્ણવ** વાંચે છે.

---

PM – બ્રાજિલિયા મુલાકાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પાંચ દેશના પ્રવાસના ચોથા તબક્કામાં ગઇકાલે બ્રાઝિલની રાજધાની બ્રાઝિલિયા પહોંચ્યાં છે. બ્રાઝિલિયાના અલ્વોરાડા પેલેસ ખાતે સૈન્ય સન્માન સાથે શ્રી મોદીનું ભવ્ય સ્વાગત કરાયું. તેમજ શ્રી મોદીને ગાર્ડ ઑફ ઑનર અપાયું. આ પ્રસંગે બ્રાઝિલના રાષ્ટ્રપ્રમુખ લુઈસ ઈનાસિયો લુલા દા સિલ્વા વિશેષ ઉપસ્થિત રહ્યા. આ સન્માન ભારત અને બ્રાઝિલના મજબૂત થતા સંબંધોનું પ્રતીક છે.

**-----------------------------------------------------------------------------------------**

CM – રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગ્રામીણ સ્વસહાય જૂથ અને સખીમંડળોને લૉન–ધિરાણ આપવાની પ્રક્રિયાને વેગવાન બનાવવા સહકારી બૅન્કોને અનુરોધ કર્યો. ગાંધીનગરમાં ગઇકાલે રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા અભિયાન હેઠળ લૉન સહાય કામગીરીની સહકારી બૅન્કોના અધ્યક્ષો સાથે સમીક્ષા કરતા શ્રી પટેલે આ વાત કહી. તેમણે સહકારી બૅન્કોને જિલ્લા સ્તરે કૅમ્પ યોજવા તેમજ દર ત્રણ મહિને સમીક્ષા બેઠક યોજવા દિશા-નિર્દેશ પણ આપ્યા.

**-----------------------------------------------------------------------------------------**

નાણા મંત્રાલય – જન ધન ખાતા

નાણા મંત્રાલયે સ્પષ્ટતા કરી છે કે બેંકોને નિષ્ક્રિય પ્રધાનમંત્રી જન ધન ખાતાઓ બંધ કરવા માટે કોઈ નિર્દેશ આપવામાં આવ્યો નથી. મીડિયા અહેવાલો અનુસાર**,** નાણાકીય સેવાઓ

વિભાગે બેંકોને આવા ખાતાઓ બંધ કરવા કહ્યું છે. એક નિવેદનમાં, મંત્રાલયે જણાવ્યું હતું કે તે નિષ્ક્રિય જન ધન ખાતાઓની સંખ્યા પર સતત નજર રાખે છે અને બેંકોને સલાહ આપે છે કે તેઓ ખાતાધારકોનો સંપર્ક કરીને તેમના ખાતાઓને કાર્યરત બનાવે. તેમણે ભાર મૂક્યો કે જન ધન ખાતાઓની કુલ સંખ્યામાં વધારો થયો છે, અને નિષ્ક્રિય ખાતાઓને મોટા પાયે બંધ કરવાની કોઈ ઘટના મંત્રાલયના ધ્યાનમાં આવી નથી. તેમણે એમ પણ કહ્યું કે, જન ધન યોજના ખાતાઓ, જીવન જ્યોતિ વીમા યોજના, અટલ પેન્શન યોજના અને અન્ય કલ્યાણકારી યોજનાઓનો મહત્તમ ઉપયોગ કરવા માટે ત્રણ મહિનાથી અભિયાન ચાલી રહ્યું છે.

---

## શિક્ષણમંત્રી : શિક્ષણ સહાયકોને નિમણૂકપત્ર

શિક્ષણ મંત્રી ડૉક્ટર કુબેર ડિંડોરે કહ્યું, શિક્ષક એ કોઈ પદ કે પ્રતિષ્ઠા નહીં, પણ જવાબદારી છે. ગાંધીનગર જિલ્લાના કુલ 90 શિક્ષણ સહાયકોને નિમણૂકપત્ર એનાયત કરતાં શ્રી ડિંડોરે આ વાત કહી. તેમણે નવનિયુક્ત શિક્ષણ સહાયકોને અભિનંદન પણ પાઠવ્યા. શિક્ષણ વિભાગ થકી ઑનલાઈન અને પારદર્શક ભરતી દ્વારા દરેક ઉમેદવારોને સમાન ન્યાય મળે તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ હોવાનું પણ શ્રી ડિંડોરે ઉમેર્યું.

ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકાર દ્વારા બિન-સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ સહાયક ભરતી પ્રક્રિયા 2025 હેઠળ ગાંધીનગર જિલ્લા સહિત રાજ્યભરમાં કુલ ત્રણ હજાર 243 ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સહાયકોને ગઇકાલે નિમણૂકપત્ર વિતરણ કરાયા.

---

## ફેસલેસ લર્નિંગ લાયસન્સ

રાજ્યમાં હવે અરજદારો ફેસલેસ લર્નિંગ લાયસન્સની સેવા આધાર બેઈઝ્ડ **E-KYC** દ્વારા મેળવી શકશે. રાજ્ય સરકારના આ નિર્ણય બાદ અરજદારો હવે ઘરે બેઠા ઑનલાઈન અરજી

કરીને લર્નિંગ લાયસન્સ મેળવી શકશે તેમ વાહન વ્યવહાર કમિશનરની કચેરીની યાદીમાં જણાવાયું છે.

ઉલ્લેખનીય છે કે, રાજ્યભરમાં વાહન વ્યવહાર કમિશનરની કચેરી દ્વારા આ નવી પદ્ધતિ અમલી બનાવવામાં આવી છે. ઉપરાંત નૉન ફેસલેસ અરજી કરવા માંગતા અરજદારોએ **R.T.O, A.R.T.O, I.T.I.,** પૉલિટૅકનિક કચેરી ખાતે લર્નિંગ લાયસન્સની અરજીની ચકાસણી તથા ટેસ્ટની કામગીરી માટે રૂબરૂ મુલાકાત લેવાની રહેશે.

---

## કિસાન સન્માન નિધિ યોજના

ભારત સરકાર દ્વારા ખેડૂતો માટે ટૂંક સમયમાં પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના**નો** આગામી 20મો હપ્તો જાહેર કરાશે. આ હપ્તો મેળવવા ખેડૂત આઈડી એટલે કે, ફાર્મર રજિસ્ટ્રી કરાવવી ફરજિયાત રહેશે. બાકી રહેલા ખેડૂતોએ યોજનાનો લાભ મેળવવા ઝડપથી ફાર્મર રજિસ્ટ્રીમાં નોંધણી કરાવવા ખેતી નિયામક કચેરીની યાદીમાં જણાવાયું છે.

ખેડૂતોએ નોંધણી કરાવવા ગામના તલાટી કમ મંત્રી અથવા ગ્રામસેવકનો સંપર્ક કરવાનો રહેશે. ઉપરાંત તેઓ જાતે ઘરેથી મૉબાઈલ ઍપ્લિકેશનથી પણ નોંધણી કરી શકે છે. તેમજ સમાન સેવા કેન્દ્ર- **CSC** અથવા ગ્રામ પંચાયતમાં કૉમ્પ્યુટર સંચાલક મારફતે પણ નોંધણી કરાવી શકશે.

---

## કચ્છમાં વરસાદ

કચ્છમાં વરસાદે પોતાની સાર્વત્રિક કૃપા વરસાવ્યા બાદ ગઇકાલે મોટાભાગના વિસ્તારમાં ઉઘાડનો માહોલ જોવા મળ્યો હતો. વરાપની સ્થિતિ વચ્ચે આઠ તાલુકામાં ઝરમરથી લઈ અડધો ઈંચ સુધીનો વરસાદ વરસ્યો હતો. હવામાન વિભાગે આગામી દિવસોમાં કેટલાક સ્થળે ભારે વરસાદની આગાહી કરી છે. જિલ્લા કન્ટ્રોલ રૂમમાંથી મળેલી માહિતી અનુસાર ગઇકાલે સવારે 6 વાગ્યાથી આજે સવારે 6 વાગ્યા દરમિયાન રાપર તાલુકામાં 12 મિ.મી., માંડવીમાં 10

મિ.મી., ભુજમાં 7 મિ.મી., ભચાઉ તેમજ અબડાસામાં 4 મિ.મી., મુન્દ્રામાં 3 મિમિ તો ગાંધીધામ અને અંજારમાં 2-2 મિ.મી. વરસાદ નોંધાયો હતો.

---